National Career Service
सही अवसर, सही समय
Right Opportunities, Right Time

सत्यमेव जयते
ગુજરાત સરકાર

રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર સંચાલિત
**મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,**
નેશનલ કેરીયર સર્વિસ મોડલ કેરીયર સેન્ટર
{An ISO 9001:2008 Certified Organization}

સી-૫, બહુમાળી મકાન, નાનપુરા, સુરત- ૩૯૫૦૦૧ (ફોન/ફેક્સ નં. ૦૨૬૧-૨૪૬૦૪૧૬)
www.employment.gujarat.gov.in / dee-sur@gujarat.gov.in

ક્રમાંક:મનીરો/સુરત/વી.જી./અનુબંધમ પોર્ટલ/૧૬૭૭૧/૨૦૨૧ તા.: ૨૪/૦૮/૨૦૨૧

પ્રતિ,
વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી-
સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તમામ..

વિષય: રોજગાર વાંચ્છું વિદ્યાર્થીઓનું "અનુબંધમ" પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા અંગે

શ્રીમાન,

સવિનય સહ ઉપર્યુક્ત વિષયે જણાવવાનું કે 'રોજગાર દિવસ' કાર્યક્રમ- તા. ૦૬/૦૮/૨૦૨૧ ના રોજ શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલ 'અનુબંધમ' વેબપોર્ટલ અને મોબાઇલ એપનું લોકાર્પણ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ છે. આ વેબપોર્ટલ દ્વારા પ્રવર્તમાન જરૂરિયાતને આધારે રોજગાર કચેરી ખાતે રૂબરૂ આવીને નામ નોંધણીની પ્રક્રિયાને બદલીને ઓનલાઈન ઝડપી અને સરળ પ્રક્રિયામાં રૂપાંતરિત કરવામાં આવી છે.

રોજગારવાંચ્છું યુવાઓને રોજગારલક્ષી તમામ સેવાઓ જેવીકે Access the Portal, Signup/Registration, Job Post, View/Edit Jobseeker Profile, Search Jobs, Jobs Applied, My Interview, Job Preferences, Change Password વગેરે રોજગાર કચેરીની સેવાઓ એક જ પોર્ટલથી ઓનલાઈન ઉપલબ્ધ થઈ રહી છે. સરકારશ્રીની આ નવી પહેલના ઝડપી અમલીકરણ હેતુ ગુજરાત રાજ્યની દરેક યુનીવર્સીટી, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના ઉમેદવારોનું રજીસ્ટ્રેશન આ પોર્ટલ પર થાય તેમ ઉચ્ચ કક્ષાએથી જણાવવામાં આવેલ હોય, જે અનુસંધાને આપને ઉમેદવાર રજીસ્ટ્રેશન અંગેનું પ્રેઝનટેશન મોકલી રહ્યા છીએ. સાથે નોકરી આપનાર સંસ્થા (નોકરીદાતા) તરીકે ભવિષ્યમાં આપને ત્યાં ખાલી પડેલ જગ્યાને આ પોર્ટલની મદદથી ભરવા માટે નોકરીદાતા રજીસ્ટ્રેશન અંગેનું પ્રેઝનટેશન પણ આપને મોકલી રહ્યા છીએ.

અત્રેની કચેરીના રોજગાર સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કોલ સેન્ટર નં. ૬૩૫૭૩૯૦૩૯૦ પર કોલ કરી ઉમેદવાર વધુ વિગત તેમજ પ્રશ્નોનું નિરાકરણ મેળવી શકશે.

સરકારશ્રીના આ વેબપોર્ટલ અંગેની ટૂંકી વિગત આપની સંસ્થાની વેબસાઈટ પર મુકવા તેમજ ખાસ આપશ્રીની કોલેજના તમામ રોજગારવાંચ્છુ ઉમેદવારો ઘરે બેઠા સત્વરે આ વેબસાઈટ- https://anubandham.gujarat.gov.in/home પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરે તેવી વ્યવસ્થા કરવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતિ છે.

બીડણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ;

મદદનીશ નિયામક (રોજગાર)
સુરત

નકલ સવિનય રવાના;
(૧) કુલપતિશ્રી, વી.એન.એસ.જી.યુ., સુરત
(૨) કુલસચિવશ્રી, વી.એન.એસ.જી.યુ., સુરત
(૩) નાયબ નિયામકશ્રી (રોજગાર), સુરત રીજીયન
(૪) વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તમામ..